# મથ્થિયા, બારમો શિષ્ય
# ફાધર વગીર્સ પૉલ

મથ્થિયા નામનો અર્થ 'ઈશ્વરની ભેટ' એવો થાય છે. યહૂદા ઇશ્કરિયોતે ઈસુને દગો દીધો હતો અને "તેણે ફાંસો ખાધો" (માથ્થી ૩૭, ૫). એ પછી શિષ્યોએ બારમા શિષ્ય તરીકે યહૂદાનું સ્થાન લેવા મથ્થિયાની પસંદગી કરી હતી.

ઈસુના પુનરુત્થાન અને સ્વર્ગારોહણ બાદ મથ્થિયાની પસંદગી થઈ હતી. એ વાત પ્રેષિતોનાં ચરિતોમાં આવે છે. "એ સમય દરમિયાન પીતરે ભેગા થયેલા લગભગ એકસોવીસ ગુરુબંધુઓની સમક્ષ ઊભા રહીને કહ્યું" (પ્રેષિતોનાં ચરિતો ૧, ૧૫)

પીતરે એકસોવીસ ગુરુબંધુઓને યહૂદાના સ્થાને શિષ્યોમાં જોડાવા માટે "પ્રભુ ઈસુના પુનરુત્થાનમાં સાક્ષી તરીકે" કોઈ વ્યક્તિને પસંદ કરવા જણાવ્યું. જે માણસ પસંદ થાય તેની જરૂરી લાયકાત અંગે પીતરે જણાવ્યું, "એટલે ભગવાન ઈસુ આપણી વચ્ચે હરતાફરતા હતા તે બધો સમય, અર્થાત્ યોહાને એમને સ્નાનસંસ્કાર કરાવ્યો ત્યાંથી માંડીને એમને આપણી વચ્ચેથી ઉપર લઈ લેવામાં આવ્યા તે દિવસ સુધી, જેઓ આપણી સાથે હતા તેઓમાંનો એક જણ તેમના પુર્નજીવનના સાક્ષી તરીકે આપણી સાથે જોડાવો જોઈએ." (પ્રેષિતોનાં ચરિતો ૧, ૨૧-૨૨)

ગુરુબંધુઓને પીતરનું કહેલું ધ્યાનમાં લીધું. તેમણે પ્રભુના આશીર્વાદ અને માર્ગદર્શન માટે પ્રાર્થના કરી. તેમની વચ્ચે પીતરે દર્શાવેલી લાયકાત ધરાવતા બે જણ હતાઃ બાર્સાબાસ તરીકે ઓળખાતો યોસેફ ઉર્ફે યુસ્તુસ અને બીજો મથ્થિયા. "પછી તેઓ પ્રાર્થના કરીને બોલ્યા, 'હે સર્વાન્તર્યામી પ્રભુ, યહૂદા ધાર્મિક સેવાકાર્યામાંથી અને પ્રેષિતપદમાંથી ખરી પડીને પોતાને સ્થાને ચાલ્યો ગયો છે; તેની જગ્યા લેવા માટે તેં આ બેમાંથી કોને પસંદ કર્યા્ છે તે અમને જણાવ.' " (પ્રેષિતોનાં ચરિતો ૧, ૨૪-૨૫)

પછી શિષ્યોએ પ્રથમ રાજા શાઉલની ચૂંટણી વખતે ઉપયોગમાં લેવાયેલી તે પરંપરાગત પદ્ધતિ વાપરી. પ્રેષિતોનાં ચરિતો કહે છે તેમ, "પછી તેઓએ એ બંનેનાં નામની ચિઠ્ઠી નાખી, અને તેમાં મથ્થિયાનું નામ નીકળ્યું, એટલે તેની અગિયાર પ્રેષિતો ભેગી ગણના કરવામાં આવી." (પ્રેષિતોનાં ચરિતો ૧, ૨૬)

સંત લૂકના શુભસંદેશમાં ઈસુએ ૭૨ માણસોની પસંદગી કર્યાની વાત આવે છે. તેમણે "બીજા બોતેર શિષ્યોને નીમીને બબ્બેની ટુકડીમાં પોતે જે શહેર કે ગામ જવાના હતા ત્યાં અગાઉથી મોકલી આપ્યા" (લૂક ૧૦, ૧). પરંપરા કહે છે તે મુજબ, મથ્થિયા અને યોસેફ બાર્સાબાસ બન્ને ઈસુના પ્રારંભિક શિષ્યગણમાં હતા અને ઈસુ પોતે જવાના

હતા ત્યાં અગાઉથી પહોંચવા માટે ઈસુએ પસંદ કરેલા ૭૨ શિષ્યોમાં તેમનો સમાવેશ થતો હતો.

નવા કરારમાં મથ્થિયાનું નામ બીજે કોઈ ઠેકાણે મળતું નથી. એટલે તેના જીવન વિશે અને તેની ચૂંટણી બાદ તેના કામકાજ અંગે આપણે ખાસ જાણતા નથી.

'ઑઆલ ધી મેન ઑઆફ ધી બાઈબલ'માં હુર્બટ લુકયારે મથ્થિયાની ચૂંટણી અંગે શંકા ઉઠાવતા કોઈ ડેવિડ સ્મિથની વાત કરી છે. તે લખે છે, "ડેવિડ સ્મિથ માને છે કે મથ્થિયાની પસંદગી ઈશ્વર તરફથી નહોતી. શિષ્યો માર્ગદર્શનને માટે પ્રાર્થના કરતા પણ દિવ્ય દિશા માટેના વિશ્વાસના બદલે વહેમો અને પાખંડોથી ભરેલાં તેમનાં વિધિવિધાન હતાં. ખાલી પડેલા સ્થાનને પાઉલે ખરી રીતે સંભાળી લેતાં મથ્થિયાની ચૂંટણી બાજુએ રહી ગઈ હતી" (પૃ.૨૩૩). 'પ્રેષિતોનાં ચરિતો'માં વર્ણન પામેલી મથ્થિયાની ચૂંટણીને સ્વીકારતાં આપણે આ બાબતને ડેવિડ સ્મિથના એક અભિપ્રાય તરીકે જ લઈ શકીએ.

બાઇબલના કેટલાક વિદ્વાનો પરંપરા અનુસાર માને છે કે મથ્થિયાએ સૌ પ્રથમ યહૂદિયા એટલે હાલના ઇઝરાયેલમાં અને પછી ઇથિયોપિયામાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કયોર્ હતો. મથ્થિયાના મૃત્યુ અંગે કેટલીક પરંપરા કહે છે કે તેણે ઇથિયોપિયા ખાતે શહીદી વહોરી લીધી હતી, જ્યારે બીજી કેટલીક પરંપરા કહે છે કે યરુશાલેમ ખાતે તેનો શિરચ્છેદ કરવામાં આવ્યો હતો.

પરંતુ મથ્થિયા પ્રત્યેના આપણા આદરભાવ માટે આપણે એટલું જાણવું પૂરતું છે કે, તે ઈસુની ખૂબ નજીક હતા અને ઈસુના પુનરુત્થાનના સાક્ષી હતા.

કૅથલિક ધર્મસભા મથ્થિયાને દરજી, સુથાર અને સુધરેલા દારૂડિયાઓના રક્ષકસંત તરીકે સન્માન આપે છે.